| | | |
|---|---|---|
| પ્રશ્ન : 1 | ત્રણ પૈકી કોઈ પણ એક વિષય પર 250થી 300 શબ્દોમાં નિબંધ લખો.<br>(અ) નવા ભારતના નિર્માણમાં'સ્માર્ટ વિલેજ'નું યોગદાન<br>(બ) સુરક્ષિત રોજગારી માટે શું સરકારી નોકરી એકમાત્ર ઉપાય છે?<br>(ક) સોશિયલ મીડિયા, લોકતંત્ર અને સુશાસનના આંતરસંબંધો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 15 |
| પ્રશ્ન : 2 | નીચેની બે પૈકી એક કાવ્યપંક્તિનો વિચારવિસ્તાર કરો<br>(અ) છીછરાં નીરમાં, હોય શું ના'વું? તરવા તો મઝધારે જાવું!<br>(બ) તું તારા દીલનો દીવો થાને! | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |
| પ્રશ્ન : 3 | નીચે આપેલા 204 શબ્દોના ગદ્યખંડનો 1/3 ભાગ (68 શબ્દો)માં સંક્ષેપ કરો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |

યુધ્ધ પૂરું થયું હતું. ગામનાં ક્ષેત્રોમાં હવે શાંતિ હતી. સૈનિકો ગયા હતા, તોપો દૂર લઈ જવામાં આવી હતી, વિમાનો હવે આકાશમાં ઊડતાં ન હતાં, બૉંબના ધડાકા સંભળાતા ન હતા. હવે યુધ્ધ નહોતું, પણ યુધ્ધના અવશેષો તો રહ્યા હતા.

ગામનાં ખેતરોમાં ભૂમિના અંતરમાં અસંખ્ય સુરંગો દટાયેલી હતી. યમદૂતોનું લશ્કર, મૃત્યુનાં સંતાડેલાં સાધનો, એક ડગલું, એક સ્પર્શ, એક ખીલો, એક તાર અને એક ભડાકો થાય, એક દેહ ઊડી જાય, એક પગ કપાય. યુધ્ધ ગયું હતું પણ મૃત્યુનો ભય રહ્યો હતો.

એનું એક પરિણામ આવ્યું. ગામના લોકો જાણતા હતા કે પગલે પગલે મોત આવી શકે. જીવન ક્ષણભંગુર છે એ તેઓ તો જાણતા હતા, અત્યારે એવું અનુભવતા હતા. અને તે પ્રમાણે વર્તવા લાગ્યા. ગમે તે ક્ષણે જીવનનો અંત આવી શકે, પછી પરિગ્રહનો શો અર્થ, લોભનો શો અર્થ, ગુસ્સાનો શો અર્થ, હરીફાઈનો શો અર્થ? ગમે ત્યારે જઈ શકીએ, એટલે સૌના આશીર્વાદ લઈને જઈએ. વેરનો શો અર્થ, ઝઘડાનો શો અર્થ, અભિમાનનો શો અર્થ? અનિશ્ચિત સમય છે એટલે એનો સદુપયોગ કરીએ. ક્ષણે ક્ષણે જીવવાનું છે એટલે દરેક ક્ષણને શુભ બનાવીએ.

ગામનું જીવન સુધરી ગયું. સૌ સૌને સ્મિત કરતાં, કારણ કે કદાચ એ સૌથી છેલ્લું સ્મિત હશે એનું ભાન હતું. થોડા અકસ્માતો તો થયા, અને એનું દુઃખ સૌને રહ્યું; પણ જીવનદૃષ્ટિ, આધ્યાત્મિકતા, ભક્તિ અને શ્રધ્ધા તો સૌમાં વધ્યાં અને સૌનું કલ્યાણ થયું.

ફાધર વાલેસ ('પ્રસન્નતાની પાંખડીઓ' પુસ્તક)

| | | |
|---|---|---|
| પ્રશ્ન : 4 | આપેલા ગદ્યખંડના આધારે પૂછેલા પ્રશ્નોના જવાબ લખો. | મેળવેલ ગુણ / OBTAINED MARKS<br>કુલ ગુણ / TOTAL MARKS: 10 |

એક મિત્રનો કાગળ છેઃ "હમણાં રોજ યાદ આવો છો. પુસ્તકાલય વસાવવું છે, શોખ કેળવવો છે. પુસ્તકોની યાદી માગું છું."

આ મિત્રને હું સૂચવું તે વાંચશે? અભ્યાસનિષ્ઠ બનશે? વાર્તાપુસ્તકથી વાચનરસ કેળવી શકાશે નહીં. રસેન્દ્રિયને તેજસ્વી તેમ જ તંદુરસ્ત બનાવ્યા વગર લેવાતો વાર્તારસ જ્ઞાનની હોજરીને બગાડે. થોડા કષ્ટસાધ્ય વાચનથી હોજરીની સાફસૂફી થવી જોઈએ. પહેલાં વિવેચન વાંચો, કંટાળો લાવ્યા વગર ફરી ફરી વાંચો, રસને અંતરમાં

સ્થિર કરો અને કવિતા પ્રત્યેની સૂગને કોરે મૂકી થોડાં થોડાં કાવ્યોનું સતત પરિશીલન કરો. રસેન્દ્રિયમાં અમી પેદા થશે.

લાગણીતંત્રને ઝણઝણાવી મૂકનાર પુસ્તક પહેલે દરજ્જે ત્યાજ્ય ગણજો. ઊર્મિસંવેદનનો સ્થિર દીપક દિલમાં બળ્યા કરે, જ્યોત ભડક ભડક ન થાય, તે સ્થિતિ સાચા વાચનરસની છે.

લલિત-સાહિત્યના મધપૂડામાં મધુના ઉત્પાદનઅર્થે આપણા જ્ઞાનકોશોની અંદર લલિતેતર જ્ઞાનસામગ્રી ભર્યા વગર છૂટકો નથી. પક્ષીઓ અને પશુઓની દુનિયા, જ્યોતિર્મય ગગન, ઇતિહાસ-સૃષ્ટિ વગેરે અંતરને અજવાળનારાં તત્ત્વોનું અજ્ઞાન રસસાહિત્યમાં રમવાની આપણી શક્તિને હણી નાખે છે. વીનવું છું કે પ્રાણીઓની, ગ્રહોની, ભૂગોળ ને ઇતિહાસની ભવ્ય દુનિયામાં ઊતરો; પછી જોજો, તમને વાર્તા વાંચવી ગમશેયે નહીં, વાંચવાની જરૂર પણ નહીં રહે. 'અપંગની પ્રતિભા' વાંચો, કીડી અને ઊધઈ વિષેનાં મૅટરલિંકનાં પુસ્તકો વાંચો. એ એવો એક નીરોગી મુગ્ધભાવ આપશે કે તમને જીવવું મીઠું લાગશે.

ઝવેરચંદ મેઘાણી ('જન્મભૂમિ' દૈનિક:1938)

પ્રશ્નો:

1. "વાર્તાપુસ્તકથી વાચનરસ કેળવી શકાશે નહીં." – લેખક આવું શા માટે કહે છે?
2. લેખક વાંચનની કેવી પ્રક્રિયાસૂચવે છે?
3. લેખકને મતે સાચું વાચન એટલે શું?
4. "તમને વાર્તા વાંચવી ગમશેયે નહીં, વાંચવાની જરૂર પણ નહીં રહે." – આ વિધાનનો સંદર્ભ સ્પષ્ટ કરો.
5. લેખકનો મિત્રના પત્ર વિશેનો પ્રતિભાવ કેવો જણાય છે?

પ્રશ્ન : 5 (આશરે ૧૫૦ શબ્દો)

ગુજરાત સરકારની ખેલ મહાકુંભ યોજનામાં આ વરસે દસેક એકલ તથા ટીમ કક્ષાએ ગુજરાતનાં ખેલાડીઓએ કેટલાક રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપિત કરેલા છે. આ બાબતને વર્ણવતી અખબારી યાદી તૈયાર કરો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન : 6 (આશરે ૧૦૦ શબ્દો)

તમારી નજીકની એક ખાનગી મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ માઁ અમૃતમ્ અને પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાના લાભ જરૂરિયાતમંદ દર્દીઓને આપતી નથી એવી ફરિયાદ કરતો પત્ર આરોગ્યમંત્રીશ્રી, ગુજરાત સરકારને લખો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 5 |

પ્રશ્ન : 7 (આશરે ૨૦૦ શબ્દો)

અત્યાર સુધી ભારતના ઇતિહાસો વિદેશી દૃષ્ટિકોણથી લખાયા છે પણ હવે ભારતીય દૃષ્ટિકોણથી નવા ઇતિહાસ લખાવા જોઈએ એની જિકર કરતું એક ચર્ચાપત્ર તૈયાર કરો.

| |
|---|
| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| કુલ ગુણ / TOTAL MARKS: 10 |

પ્રશ્ન : 8 (આશરે ૨૦૦ શબ્દો)

ગુજરાતી ગઝલકાર 'મરીઝ'ની યાદમાં એક મુશાયરો ટાઉનહોલ, અમદાવાદ ખાતે ગયારવિવારે યોજાઈ ગયો. તે વિશે'શબ્દસૃષ્ટિ' માસિક માટે એક અહેવાલ તૈયાર કરો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન : 9 નીચેના અંગ્રેજી લખાણનો ગુજરાતીમાં અનુવાદ કરો.

What I want to achieve,—what I have been striving and pining to achieve these thirty years—is self-realization, to see God face to face, to attain Moksha. I live and move and have my being in pursuit of this goal. All that I do by way of speaking and writing, and all my ventures in the political field, are directed to this same end. But as I have all along believed that what is possible for one is possible for all, my experiments have not been conducted in the closet, but in the open; and I do not think that this fact detracts from their spiritual value. There are some things which are known only to oneself and one's Maker. These are clearly incommunicable. The experiments I am about to relate are not such. But they are spiritual or rather moral; for the essence of religion is morality.

If I had only to discuss academic principles. I should clearly not attempt an autobiography. But my purpose being to give an account of various practical applications of these principles, I have given the chapters I propose to write the title of The Story of My Experiments with Truth. These will of course include experiments with non-violence, celibacy and other principles of conduct believed to be distinct from truth. But for me, truth is the sovereign principle, which includes numerous other principles. This truth is not only truthfulness in word, but truthfulness in thought also, and not only the relative truth of our conception, but the Absolute Truth, the Eternal Principle, that is God.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

પ્રશ્ન :10 ગુજરાતી વ્યાકરણના નીચેના દસ પ્રશ્નોના જવાબ આપો.

(1) રૂઢિપ્રયોગોનો અર્થ આપીને વાક્યમાં પ્રયોગ કરો.

(અ) ચટ મંગની અને પટ બ્યાહ

(બ) પહેરવા પૃથ્વી અને ઓઢવા આભ

(2) કહેવતોનો અર્થ આપો.

(અ) ડોશી મારે એનો વાંધો નહી પણ જમ ઘર ભાળી જશે

(બ) લંકાની લાડી ને ઘોઘાનો વર

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 10

(3) સમાસનો વિગ્રહ કરીને ઓળખાવો.

(અ) ગાંડીવપાણી

(બ) માતાપિતા

(4) છંદ ઓળખાવો.

(અ) માટીના માનવી માટી માંહે મળી કાય તારી જશે જાણ ભાઈ

(બ) ઝેર ગયાં ને વેર ગયાં, વળી કાળા કેર ગયાં કરનાર

(5) અલંકાર ઓળખાવો.

(અ) બળમાં તે રાજા સંહિ છે.

(બ) મા તે મા.

(6) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

(અ) જેની શરૂઆત નથી તેવું

(બ) જેની આરપાર જોઈ ન શકાય તેવું

(7) નીચેના શબ્દોની જોડણી સુધારો.

(અ) વરિઆળિ

(બ) કીફ્રઅતી

(8) નીચેનાં વાક્યો સુધારીને સાચાં લખો.

(અ) બહું ખવાય જતા તેને પેટમાં દૂખ્યુ.

(બ) રાજા રાણીને કુવર ગયા.

(9) નીચેની સંધિ જોડો.

(અ) કોટિ + અવધિ

(બ) સિંધુ + ઊર્મિ

(10) નીચેના વાક્યોમાં કર્તરિનું કર્મણિ અને કર્મણિનું કર્તરિ કરો.

(અ) રવિશંકર સિતાર વગાડે છે.

(બ) છેલ્લે છેલ્લે એના વડે સારું કામ થયું.

**Note :**

- **Attempt all questions.**
- **Your answer must be within the word limit.**
- **You are expected to show your awareness of the subject, originality of thought and expression in grammatically correct language.**

**Q. 1.** **Write an essay on any ONE of the following topics in 250 to 300 words. It must exhibit your grasp and critical understanding of the subject in the best possible individual style.**

OBTAINED MARKS

TOTAL MARKS : 15

**It must be a well argued piece of writing expressed coherently and sequentially.**

I. Privacy and Data Security: A Serious Threat in the age of Digitalization.

II. Uniform Civil Code: The Need of the Hour.

III. Indo-Pak Relations in the Wake of Article 370 Abrogation.

IV. Chandrayan and the Future of Indian Space Mission.

V. Recent Slump in GDP Growth : Malady and Remedy.

**Q. 2.** **Imagine you are the Chief Medical Officer of Vadodara district which is badly affected by floods. There are possibilities of many diseases breaking out after the floods recede. Write a letter in about 150 words to the Director General, Health Services, Gandhinagar, Gujarat suggesting necessary measure**

OBTAINED MARKS

TOTAL MARKS : 10

**Q. 3.** **Write a report in about 200 words on the World Table Tennis Day 2019 and GSTTA Annual Award Function held on 6th April 2019 at Surat.**


OBTAINED MARKS

TOTAL MARKS : 10

**Q. 4.** **Carefully study the following graph/bar diagram about monsoon rain forecast vs. actual rain in India in 2019, published in *The Times of India*, Delhi 01, October 2019, and write a report in about 150 words.**

OBTAINED MARKS

TOTAL MARKS : 10



**Q. 5.** **The Governor of Gujarat is to launch a cleanliness drive on the occasion of the 150th birth anniversary of Mahatma Gandhi on 2nd October 2019 at Sabarmati Ashram. Draft a speech to be delivered by Governor of Gujarat, on this occasion in about 150 words.**

OBTAINED MARKS | TOTAL MARKS : 10

**Q. 6.** **Write a précis of the following passage in about one-third of its original length.**

OBTAINED MARKS | TOTAL MARKS : 10

As to whom we call a professional manager, it is very difficult to give a comprehensive definition. The skills which identify the professional manager from others may be described as the former's ability to first analyse and sift facts, and then take an overall view of things so as not to lose sight of the variables from reckoning, and his ability to fully appreciate the working of human psychology, his ability further to motivate and direct both himself and others to act honestly and purposefully to achieve the just results not from his own private angle but with a detached view from the angle of the society as a whole. It is evident that in the nature of the exercise of these skills, the professional manager has to act independently and fearlessly. It is also evident that there is always the underlying assumption of the exercise of some power or authority on the part of the professional manager, something which is not accessible to others.

The company secretary who wields considerable authority in the corporate hierarchy is undoubtedly a manager. He is often described as a Principal Officer of the Company. The most important managerial skill which distinguishes him from other managers is the coordinating skill which he has to exercise continuously within the organization for the purpose of achieving the company's objectives. His job involves the exercise of some skill and exercise which is peculiar to formalization of business activity. The growing complexity of modern business has been increasingly laying emphasis on the formal aspect of running a business. These formal requirements are so complex in nature that his client, the corporation, has to leave them to the sheer discretion of the Company Secretary for their due compliance. The Company Secretary is, therefore, a unique combination of a manager and professional. **(303 words)**

**Q. 7.** **Read the following passage carefully and answer the questions that follow: (5 x 2 = 10)**

OBTAINED MARKS | TOTAL MARKS :10

The real crisis of our times is the crisis of management. I believe that the solutions to our problems lie in the development of the art and practice of management at all levels and in all facets of our national activities — from a small "bhat's" tea-shop to the multifaceted international organization or the huge national government administration. I also believe that application of better and sound management skills and methods is of vital importance

in resolving many huge and baffling economic and social problems that are beyond the reach of either government or business acting alone.

I strongly believe that the private sector can contribute something far more important than even money, that is, management — management raised to a whole new order of magnitude — in the attainment of the new social and economic objectives put forward by our government.

"But how do we have to do it?" The answer lies in developing a deeper sense of social responsibility on the part of our men in management. Management must act in concert with a broad social interest and serve the objectives of the society. The various socio-economic measures now being taken in the field of licensing, price regulation and distribution of essential commodities etc. will not lead us towards attainment of new social objectives unless we ensure that the benefits of these measures go to the ultimate consumer — the common man. This is possible only through right management, proper understanding and of course, above all, through co-operation among all concerned.

Indian management has the skills, knowhow and capacity to cope with new challenges. We must make a start now. The opportunities are there if we will but see them, and see them quickly.

**Questions:**

a. **In what sense is the crisis of our times the crisis in management?**

b. **What contribution can the private sector make towards the attainment of economic objectives?**

c. **What does Indian management lack?**

d. **How can we ensure that the common man gets the benefit of various socio-economic measures?**

e. **What is the central idea of the passage?**

**Q. 8. Do as directed:** **(15 x 1 = 15)**

**Choose the correct answer from the given options and darken the circle ● as well as write the correct answer in the bracket (CAPITAL LETTER) as per sample given below:**

**Sample Answer:** ( C ) (A) ○ (B) ○ (C) ● (D) ○

| OBTAINED MARKS |
|---|
| |
| TOTAL MARKS :15 |

**I. I had no map; that's why I got lost. If I _______ *(had)* a map I would have been all right. *(Insert suitable form of verb).***

(A) have had

(B) had had

(C) had

(D) have

**Answer:** (   ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**II. We hope that we shall win the war against terrorism with this law. *(Change the voice)*.**

(A) The war against terrorism with this new law is hoped to be won.

(B) The war against terrorism with this new law is winning our hope.

(C) It is hoped that the war against terrorism will be won by us with this new law.

(D) Winning the war against terrorism with this new law is hoped by us.

**Answer:** (   ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**III. He said, "She is coming this week to discuss this." *(Change narration)*.**

(A) He said that she was coming this week to discuss this.

(B) He said that she should come that week to discuss this.

(C) He said that she was coming that week to discuss it.

(D) He said that she would come that week to discuss it.

**Answer:** (   ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**IV. Was he not a villain to do such a deed?**

***(Change into assertive sentence)***

(A) Was he a villain to do such a deed?

(B) He was not a villain to do such a deed.

(C) Was he really a villain to do such a deed?

(D) He was a villain to do such a deed..

**Answer:** (   ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**V. _______ author of this book came to our college yesterday and gave _______ lecture on _______ importance of reading books for _______ education.** ***(Insert appropriate articles, 'a', 'an' or 'the', wherever required)***

(A) The, a, an, no article required

(B) An, no article required, no article required, no article required

(C) An, no article required, the, no article required

(D) The, a, the, no article required

**Answer:** (  ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**VI. The book fell _______ the desk.** ***(Insert suitable preposition)***

(A) off

(B) off of

(C) off from

(D) off in

**Answer:** (  ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**VII. The rope _________ while they were hauling up the pillar.** ***(Select the correct phrasal verb)***

(A) gave up

(B) gave in

(C) gave way

(D) gave out

**Answer:** (  ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**VIII. Match the idioms with their meanings:**

| | | | |
|---|---|---|---|
| i. | cheek by jowl | a. | reason of dispute |
| ii. | pie in the sky | b. | make all needful preparations |
| iii. | ducks in a row | c. | unrealistic |
| iv. | apple of discord | d. | crammed and unhappy |

(A) i - d, ii - c, iii - b, iv - a (B) i - d, ii - c, iii - a, iv - b

(C) i - b, ii - a, iii - d, iv - c (D) i - b, ii - a, iii - c, iv - d

**Answer:** (  ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**IX. Select the correct meaning of the administrative term "allegiant".**

(A) firm and devoted (B) damaged

(C) person under doubt (D) person under heavy debts

**Answer:** ( ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**X. Which of the following is not a synonym of "juncture"?**

(A) crux (B) strait

(C) orbit (D) point

**Answer:** ( ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**XI. Which of the following is not the antonym of "impertinent"?**

(A) arrogant (B) impudent

(C) polite (D) brazen

**Answer:** ( ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**XII. Select appropriate *one word for 'one who is concerned with beauty or the appreciation of beauty'.***

(A) aesthetic (B) ascetic

(C) cleric (D) heretic

**Answer:** ( ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**XIII. I tried to look happy ________ feeling miserable.**

(A) although (B) however

(C) despite (D) even

**Answer:** ( ) (A) ○ (B) ○ (C) ○ (D) ○

**XIV. The error was _______ but still a _______ was recorded.**

(A) insignificant, complaint

(B) insignificant, complain

(C) unsignificant, complaint

(D) unsignificant, complain

**Answer:** (     )   (A) ○   (B) ○   (C) ○   (D) ○

**XV. She received _______ for the least use of _______ in office.**

(A) complements, stationery

(B) compliments, stationary

(C) complements, stationary

(D) compliments, stationery

**Answer:** (     )   (A) ○   (B) ○   (C) ○   (D) ○

OBTAINED MARKS

TOTAL MARKS : 10

**Q. 9. Translate the following passage from Gujarati to English.**

વાંચનારની રજા લેતાં મને આઘાત લાગે છે. મારા પ્રયોગોની મારી પાસે બહુ કિંમત છે. હું તેને યથાર્થ રીતે વર્ણવી શક્યો છું કે નહીં એ હું નથી જાણતો પણ વર્ણવવામાં મેં કચાશ નથી રાખી. સત્યને મેં જેવું જોયું છે અને જે માર્ગે જોયું છે તે વાંચનારને આપતા મેં ચિત્તશાંતિ ભોગવી છે. વાંચનારને સત્ય અને અહિંસા વિશે વધારે આસ્થા બેસે એવી મેં આશા રાખી છે.

સત્યથી ભિન્ન કોઈ પરમેશ્વર હોય એવું મેં નથી અનુભવ્યું. સત્યમય થવાને સારુ અહિંસા એ એક જ માર્ગ છે, એમ આ પ્રકરણોને પાને પાને ન દેખાયું હોય તો આ પ્રયત્ન વ્યર્થ સમજું છું. મારી અહિંસા સાચી તોયે કાચી છે, અપૂર્ણ છે. હજારો સૂરજને એકઠા કરીયે તો પણ સત્યરૂપી સૂરજના તેજનું પૂરું માપ મળી ન શકે. મારા સત્યની ઝાંખી આવા સત્યરૂપી સૂરજના એક કિરણ માત્રનું દર્શનરૂપ છે. સત્યનું સંપૂર્ણ દર્શન સંપૂર્ણ અહિંસા વિના અશક્ય છે, એટલું તો હું મારા આજ લગીના પ્રયોગોને અંતે અવશ્ય કહી શકું છું.

## વિભાગ-A

## SECTION - A

(1) પ્રશ્નક્રમાંક : 1 થી 10

(2) બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.

(3) દરેક પ્રશ્નના 4 ગુણ છે.

(4) જવાબ આશરે 60 થી 70 શબ્દોમાં લખવા.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
|---|
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 40 |

પ્રશ્ન : 1. મહાજનપદ સમયની શાસનવ્યવસ્થા વિશે ટૂંકમાં જણાવો.

પ્રશ્ન : 2. ગુજરાતના વિવિધ પ્રદેશોમાં 1857ના સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રવૃત્તિઓનો ટૂંકમાં ઉલ્લેખ કરો.

પ્રશ્ન : 3. સૌરાષ્ટ્ર-કચ્છમાં કાચચિત્રો (ગ્લાસ પેઈન્ટિંગ)ની પ્રાચિન કલાપરંપરા ઉપર ટૂંકનોંધ લખો.

પ્રશ્ન : 4. આધુનિક ગુજરાતી રંગભૂમિના પાયાના વિકાસમાં ચં.ચી. મહેતા અને રણછોડલાલ દવેના પ્રદાન વિશે સંક્ષિપ્તમાં જણાવો.

પ્રશ્ન : 5. ગાંધીજીના આદર્શો ઉપર આધારિત ભારતીય ચલચિત્રોનો સમાજ પર પડેલા પ્રભાવ બાબતે ટૂંકનોંધ લખો.

પ્રશ્ન : 6. ભૂ-રચનાકીય દૃષ્ટિએ ભારતના તટીય મેદાનોનું વર્ગીકરણ કરી તે પૈકી કોઈ એક પર ટૂંકનોંધ લખો.

પ્રશ્ન : 7. ઘટતાં જતા જાતિપ્રમાણને લીધે ઉદભવતી સામાજિક સમસ્યાઓ જણાવો.

પ્રશ્ન : 8. ગુજરાતમાં દક્ષિણેથી ઉત્તર તરફ જતાં અને પૂર્વથી પ્રશ્નમ તરફ જતાં વરસાદનું પ્રમાણ ઘટતું જાય છે. સમજાવો.

પ્રશ્ન : 9. શું ગુજરાતમાં તાજેતરમાં થયેલા માવઠાના બનાવો માનવીની અવૈચારિક જીવનશૈલીનું પરિણામ છે? ચર્ચા કરો.

પ્રશ્ન :10. ઈસરો (ISRO)ની વર્ષ 2019ની સિધ્ધિઓ વર્ણવો.

## વિભાગ-B

## SECTION - B

(1) પ્રશ્નક્રમાંક : 11 થી 16

(2) બધા જ 06 પ્રશ્નોના જવાબ લખવાના છે.

(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.

(4) જવાબ આશરે 130 થી 140 શબ્દોમાં લખવા.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 60

પ્રશ્ન :11. "કાયમી જમાબંધી અને રૈયતવારી પધ્ધતિની મહેસૂલ-નીતિ અમલમાં મૂકી અંગ્રેજોએ સ્વસ્થ ગ્રામિણ સમાજનું આર્થિક માળખું પાયમાલ કરી નાખ્યું." — ચર્ચા કરો.

પ્રશ્ન :12. સ્વતંત્રતા ચળવળમાં રાષ્ટ્રવાદીઓની ક્રાન્તિકારી પ્રવૃત્તિઓના ઈતિહાસમાં કાકોરી કેસ તે વખતના ભારતીય યુવા માનસની એક અનોખી ઓળખ આપે છે. — ચર્ચા કરો.

પ્રશ્ન :13. ગુજરાતનાં સાંસ્કૃતિક વારસામાં ચાંપાનેર-પાવાગઢ એક અનેરું સ્થાન ધરાવે છે. — ચર્ચા કરો.

પ્રશ્ન :14. ઔદ્યોગિક વિસ્તારોમાં આવેલી માનવ વસાહતોની સમસ્યાઓ અને તેના નિવારણ બાબતે ટીપ્પણી કરો.

પ્રશ્ન :15. ભારતીય સંરક્ષણ સેવાઓમાં બ્રહ્મોસ મિસાઈલનું મહત્વ સમજાવો.

પ્રશ્ન :16. આધુનિક ડીઝીટલ યુગમાં ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ સમક્ષ ઊભા થયેલા પડકારોની વિગતવાર ચર્ચા કરો.

## વિભાગ - A

(1) પ્રશ્નક્રમાંક : 1 થી 10

(2) બધા જ 10 પ્રશ્નોના જવાબ લખવાના છે.

(3) દરેક પ્રશ્નના 4 ગુણ છે.

(4) જવાબ આશરે 60 થી 70 શબ્દોમાં લખવા.

.

| મેળવેલ ગુણ / OBTAINED MARKS |
| --- |
| |
| કુલ ગુણ / TOTAL MARKS: 40 |

પ્રશ્ન :1. ગુજરાતમાં તાજેતરમાં અમલમાં આવેલા મોટર વ્હીકલ (સંશોધન) અધિનિયમ, 2019 **(Motor Vehicle (Amendment) Act, 2019,)**માં કયા ટ્રાફીક નિયમોના ભંગ બદલ કયા/કેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે તે ટૂંકમાં જણાવો

પ્રશ્ન :2. સંઘીય માળખામાં રાજ્યોમાં રાજ્યપાલ બંધારણના સિધ્ધાંતો અને લોકશાહીના મૂલ્યોના રખેવાળ છે. ટૂંકમાં ચર્ચા કરો.

પ્રશ્ન :3. 99મા બંધારણીય સુધારાના સંદર્ભે ન્યાયિક સમીક્ષાની ભૂમિકાનું ટૂંકમાં વર્ણન કરો.

પ્રશ્ન :4. વૈધાનિક, નિયમનકારી અને અર્ધન્યાયિક સંસ્થાઓ – પ્રત્યેકનું એક ઉદાહરણ આપી તે પૈકી કોઈપણ એક સંસ્થા ઉપર સંક્ષિપ્ત નોંધ લખો..

પ્રશ્ન :5. ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, 1986 અન્વયે લોકાયુક્તના કિસ્સામાં નિર્યોગ્યતાઓ સંક્ષિપ્તમાં જણાવો.

પ્રશ્ન :6. **WPI** - જથ્થાબંધ ભાવ સૂચક આંક અને **CPI** - ગ્રાહક ભાવ સૂચક આંક વચ્ચેનો ભેદ ટૂંકમાં સમજાવો.

પ્રશ્ન :7. સ્ટોક એક્ષચેન્જ ઉપર લીસ્ટ થયેલા શૅરોના વેચાણ ઉપર લાગતો શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ કેપીટલ ગેઈન ટેક્ષ ટૂંકમાં સમજાવો.

પ્રશ્ન : 8. પ્રધાનમંત્રી રોજગાર પ્રોત્સાહન યોજના અને પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના વચ્ચેનો તફાવત સંક્ષિપ્તમાં સમજાવો.

પ્રશ્ન : 9. "ગુજરાત રાજ્ય 'ટેક્ષટાઈલ સ્ટેટ ઓફ ઇન્ડિયા' તરીકે પ્રસ્થાપિત થયેલ છે". ટૂંકમાં મૂલ્યાંકન કરો.

પ્રશ્ન :10. 'સોશિયલ ઈમ્પેક્ટ એસેસમેન્ટ' ઉદાહરણ આપી સમજાવો.

મેળવેલ ગુણ / OBTAINED MARKS

કુલ ગુણ / TOTAL MARKS: 60

## વિભાગ - B

(1) પ્રશ્નક્રમાંક : 11 થી 16

(2) બધા જ 06 પ્રશ્નોના જવાબ લખવાના છે.

(3) દરેક પ્રશ્નના 10 ગુણ છે.

(4) જવાબ આશરે 130 થી 140 શબ્દોમાં લખવા.

પ્રશ્ન :11. “કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે સત્તાનું સ્પષ્ટ વિભાજન થઈ શકે તે માટે સહવર્તી યાદી રદ કરી દેવી જોઈએ.” - વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.

પ્રશ્ન :12. “સુશાસન માટે લોકશાહી પ્રક્રિયાઓને કાર્યાત્મક રાખવા કાયદાનું શાસન અને માનવહક્કોનો અમલ જરૂરી છે.” - વિગતવાર ચર્ચા કરો.

પ્રશ્ન :13. તાજેતરમાં ભારતે રીજીયોનલ કોમ્પ્રીહેન્સીવ ઈકોનોમિક પાર્ટનરશીપ - **RCEP (Regional Comprehensive Economic Partnership)** માં ન જોડાવાનો નિર્ણય લીધો. સમીક્ષાત્મક ટીપ્પણી કરો.

પ્રશ્ન :14. ગુજરાતમાં સહકારી આંદોલન અને તેની સામાજિક-આર્થિક બાબતો ઉપર થયેલી અસર સવિસ્તાર સમજાવો.

પ્રશ્ન :15. ભારતમાં આઈ.આઈ.ટી. **(IIT)** અને આઈ.આઈ.એમ. **(IIM)** ઉચ્ચ ગુણવત્તા શિક્ષણ આપતી ખ્યાતનામ શિક્ષણ સંસ્થાઓ છે. આ સંસ્થાઓ દેશના સર્વાંગી વિકાસ અને ઉચ્ચ નેતૃત્વ પુરું પાડવામાં કેટલે અંશે સફળ રહી છે તેનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરો.

પ્રશ્ન :16. ભારતના બંધારણના અનુચ્છેદ - 21ના વ્યાપ બાબતે સર્વોચ્ચ અદાલતના મહત્વના ચુકાદાઓની ચર્ચા કરો.